## સેન્ટ્રલ જીએસટીની ટીમે ન્યૂ રાણીપમાં પાડ્યા દરોડા

# અમદાવાદમાં ૨૪૩૫ કરોડનું જીએસટી કૌભાંડ પકડાયું

### સોનીએ ૨,૪૩૬ કરોડના બોગસ બિલો બનાવી ૭૨ કરોડની ફેક ઈનપુટ ટેક્સ ક્રેડિટ ઓળવી, ૧૦ હજાર કરોડના કૌભાંડની શંકા

અમદાવાદ,તા.૬

અમદાવાદ નોર્થ કમિશનરેટની સેન્ટ્રલ જીએસટીની પાંખે ભરત ભગવાનદાસ સોની(શુકન સ્માઈલ સિટી, ન્યૂ રાણીપ, અમદાવાદ)ની બોગસ બિલિંગ કૌભાંડમાં ધરપકડ કરી છે. સોના ચાંદી અને હીરા અને જ્વેલરીની ખરીદીના ૨૪૩૫.૯૬ કરોડના બોગસ બિલ બનાવ્યા અને ૭૨.૨૫ કરોડની બોગસ ઈનપુટ ક્રેડિટ લીધી. અમદાવાદની એડિશનલ ચીફ મેટ્રો મેજિસ્ટ્રેટની કોર્ટમાં ભરત સોનીને રજૂ કરાયો હતો. જેણે ભરત સોનીને ૧૪ દિવસના જ્યુડિશિયલ રિમાન્ડ પર સાબરમતી સેન્ટ્રલ જેલમાં મોકલી આપ્યો છે. આરોપી ભરત સોનીએ કરેલી જામીન અરજીને કોર્ટે ફગાવી દીધી છે. જીએસટી વિભાગના અંદાજ મુજબ, રૂ.૧૦ હજાર કરોડનું બોગસ બિલિંગ કૌભાંડ રચીને રૂ.૩૦૦ કરોડની બનાવટી ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવેલી હોય શકે છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર સેન્ટ્રલ જીએસટીને મળેલી માહિતીના આધારે ભરત સોની સામે તપાસ કરાઈ અને તેણે શહેરના વિવિધ બુલિયન ટ્રેડર્સ સાથે સાંઠગાંઠ કરીને હજારો કરોડના બોગસ બિલ જનરેટ કરી કરોડો ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવ્યાનું શોધી કઢાયું.

મુખ્ય સૂત્રધાર ભરત સોનીએ ૬ અલગ અલગ પેઢીઓ ખોલી હતી. જે તેના પરિવારજનોના નામે હતી. જેમાં ઘનશ્યામ જ્વેલર્સ(ભરત સોની પોતે), કનિષ્ક જ્વેલર્સ(ભાવિન સોની, પુત્ર) દીપ જ્વેલર્સ(દીપાલી પાટડીયા, પુત્રી), એન.એસ. એન્ટરપ્રાઈઝ (નીતિન પાટડીયા, જમાઈ), એસ.એ. ઓર્નામેન્ટ(શ્વેતા પાટડીયા, પુત્રી), બી-૨ જેમ્સ(આદર્શ પાટડીયા, જમાઈ)નો સમાવેશ થાય છે.

આ પેઢીઓ ખોલીને ભરત સોનીએ તેના નામે બોગસ બિલો જનરેટ કરવાનું શરૂ કરી દીધું. ઉપરાંત એક આખી બુલિયન જ્વેલર્સની ટોળકી રચી જેઓ પદ્ધતિસર વખતો વખત કરોડો રૂપિયાના અંદરો અંદર ટ્રેડિંગના વ્યવહારો બતાવી અને તેના બેંકિંગ વ્યવહારોના આધારે બોગસ બિલો જનરેટ કરતા ગયા. ફક્ત આ છ પેઢીના નામે જ રૂ.૨૪૩૫.૯૬ કરોડના બોગસ બિલ જનરેટ થયા. જેના આધારે આ પેઢીઓના નામે રૂ.૭૨.૨૫ કરોડની બોગસ ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવામાં આવી.

જીએસટી વિભાગની તપાસમાં એ પણ જાણવા મળ્યું છે કે, આ આખા કૌભાંડની ચેઈન ઘણી મોટી છે અને બીજા ઘણાં મોટા માથાંઓ અને શહેરના નામી જ્વેલર્સ આ કૌભાંડમાં સંડોવાયેલા છે. આ તમામ લોકોએ એક સિન્ડિકેટ રચીને સોના-ચાંદી, હિરા તથા જ્વેલરીની ખરીદીના અંદરો અંદરના વ્યવહારો દર્શાવી કરોડોના બોગસ બિલ ઉભા કર્યા હતા. પ્રાથમિક અંદાજ અનુસાર આ સિન્ડિકેટના બાકીના સભ્યોએ મળીને રૂ.૭૨૫૦ કરોડના બોગસ બિલ જનરેટ કરીને રૂ.૨૧૦ કરોડની ઈનપુટ ક્રેડિટ ઓળવી લીધી છે.

# રાજ્યમાં કોરોનાના કેસમાં ઘટાડો

# નવા ૬૬૫ કેસ, ચારના મોત

### અત્યાર સુધીમાં કુલ ૯૯૫૫૬૬૪ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૨૩૬૩૨૩ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૬

રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ને પાર પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા હતા અને એક સમયે કેસ ૧૦૦૦ની નીચે જતા રહ્યા હતા. જો કે દિવાળી સમયે અચાનક કેસોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો હતો. રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૧૦૦૦ની નીચે આવ્યો છે. આજે રાજ્યમાં નવા ૬૬૫ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૮૯૭ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૩૬,૩૨૩ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૪.૮૨ ટકા થઇ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૪૮,૯૬૬ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૭૫૩.૩૨ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૯૯,૫૫,૬૬૪ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૪,૯૭,૭૦૭ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૪,૯૭,૫૮૭ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૨૦ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૮,૫૯૪ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૬૦ છે. જ્યારે ૮,૫૩૪ લોકો સ્ટેબલ છે. ૨,૩૬,૩૨૩ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

## શહેરના ૨૮,૭૫૩ બાળકોને પલ્સ પોલિયો અભિયાનમાં આવરી લેવાશે

ગાંધીનગર, તા. ૬

આગામી ૧૭મીએ યોજાનારા પલ્સ પોલિયો અભિયાનમાં શહેરના ૨૮,૭૫૩ બાળકોને આવરી લેવામાં આવશે.

પલ્સ પોલિયો અભિયાન અંગેનું માઈક્રો પ્લાનીંગ મનપા દ્વારા તૈયાર કરી દેવામાં આવ્યુ છે. આજે કમિશનરના અધ્યક્ષપદે મળનાર ટાસ્ક ફોર્સની બેઠકમાં આ પ્લાનીંગને આખરી ઓપ આપી દેવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ૦ થી ૫ વયના બાળકોને આવરી લેવા માટે શહેરમાં ૧૦૦ જેટલા બુથ ઉભા કરવામાં આવશે. ૫૦૦ થી પણ વધુ કર્મચારીઓ આ અભિયાનમાં જોડાશે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે આ અભિયાન માટે પાંચ મોબાઈલ ટીમ પણ રચવામાં આવી છે જે શ્રમિક બાળકો તેમજ ગ્રામ્ય વિસ્તારના અંતરિયાળ વિસ્તારોને આવરી લેશે.

૧૭મીના પલ્સ પોલિયો અભિયાનમાં છુટી ગયેલા બાળકોને ૧૮ અને ૧૯ ના હાઉસ ટુ હાઉસ રાઉન્ડમાં આવરી લેવામાં આવશે. ગત વર્ષે અભિયાનના પ્રથમ દિવસે ૮૫ ટકા જેટલા બાળકોને આવરી લેવામાં તંત્રને સફળતા પ્રાપ્ત થઈ હતી.



**આંતરસુંબાના આદિવાસીઓની જમીન તંત્ર દ્વારા ખાલી કરાવવાના મુદ્દે ફિટકાર**

સાબરકાંઠા જિલ્લાના પછાત વિસ્તાર તરીકે ઓળખાતા અને ગુજરાતના મીની કાશ્મિર તરીકે ખ્યાતિ પ્રાપ્ત એવા પોળોના જંગલો પાસે આવેલ આંતરસુંબાના ૧૦૦થી વધુ પરિવારોની ખેતીલાયક જમીન તંત્ર દ્વારા ખાલી કરાવાતા બુધવારે આ જમીનધારકોએ વિજયનગર - ખેડબ્રહ્મના ધારાસભ્યની આગેવાની હેઠળ ક્લેક્ટર કચેરીમાં આદિવાસીઓને ન્યાય આપોના સૂત્રોચ્ચાર કર્યા બાદ ક્લેક્ટરને સંબોધી આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને ન્યાય નહિ મળે તો ધારાસભ્ય સહિત ૧૦૦ આદિવાસી પરિવારો કુટુંબ કબીલા સાથે ૧૫ દિવસ બાદ ક્લેક્ટર કચેરીમાં અનશન પર બેસી જશે.

# જિલ્લામાં ગેરકાયદેસર રીતે જમીન પચાવી પાડનાર સામે સમિતિ સમક્ષ ફરિયાદ કરવા અનુરોધ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં જમીનમાં કોઈ વ્યક્તિ, વ્યક્તિના સમૂહો, મંડળો, એસોસીએશન, કંપની, ધાર્મિક/સખાવતી સંસ્થાઓ દ્વારા બળ, ગુનાઈત, ધાક ધમકી અને છળકપટનો ઉપયોગ કરીને કોઈ જમીન પચાવી પાડવા બાબતની અરજી ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) સમિતિ, ગાંધીનગરમાં કરી શકશે, તેવું જિલ્લા કલેકટર કુલદીપ આર્યએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર કુલદીપ આર્યએ વધુમાં જણાવ્યું છે કે ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ) વિધેયક-૨૦૨૦ના હેતુઓ માટે રાજ્ય સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ કલેકટરશ્રી, ગાંધીનગરનાઓની અધ્યક્ષતા હેઠળ આ સમિતિની રચના કરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ તાલુકાઓની જમીનોમાં કોઈ વ્યકિત, વ્યકિતના સમુહો, મંડળો, એસોસીએશન, કંપની, ધાર્મિક/સખાવતી સંસ્થા દ્વારા બળ, ગુનાઈત, ધાક ધમકી અને છળકપટનો ઉપયોગ કરી, કોઈ જમીન પર માલિકી હક્ક અથવા પ્રત્યક્ષ કબ્જો ન હોય અને કોઈ કાયદેસરના અધિકાર વગર એવી જમીન ગેરકાયદેસર કબ્જે લેવાના આશયથી જમીન પચાવી પાડવા બાબતની અરજી આ સમિતિમાં કરી શકે છે.

વધુમાં તેમણે જણાવ્યું છે કે આવી અરજીઓ પર ઉક્ત સમિતિમાં સમીક્ષા કરવામાં આવશે. તેમજ સંબધિત પ્રાંત અધિકારી અથવા અન્ય કોઈ તપાસ અધિકારીને તપાસ સોંપવામાં આવશે. અરજી મળેથી પ્રાંત અધિકારી અથવા તપાસ અધિકારી સંબંધિત સત્તાધિકારીને તમામ વિગતો ધરાવતો અહેવાલ તથા સુસંગત દસ્તાવેજો સહિત દિન-૫ માં રજુ કરવા જણાવશે.

જિલ્લા કલેકટરે વધુમાં જણાવ્યું છે કે જુદા જુદા સત્તાધિકારીઓ તરફથી મળેલા અહેવાલો અને રેકોર્ડના આધારે અરજદારની પ્રથમ દ્રષ્ટિએ કાયદેસર સ્થિતિ સુનિશ્ચિત કરવા તપાસ હાથ ધરવામાં આવશે. જમીનના માલિકી હક્કને સ્થાપી શકાશે કે કેમ ? તે અંગેનો નિર્ણય કરશે. પ્રાંત અધિકારી અથવા તપાસ અધિકારીએ વિવાદિત જમીન અનઅધિકૃત બળ વાપરીને, ધાક ધમકી. આપીને, છળકપટથી અથવા છેતરીને, છેતરપીંડી કરીને અથવા બનાવટી દસ્તાવેજ કરીને વિવાદિત જમીનનો કબ્જો ધરાવવામાં આવેલ છે અથવા કબજો ધરાવવાનો પ્રયાસ કરવામાં આવેલ છે કે કેમ? તે તપાસ હાથ ધરી, ૨૧ દિવસની અંદર સમિતિમાં આખરી અહેવાલ રજુ કરવામાં આવશે.

## છેલ્લે... છેલ્લે...

- ઈસરોના વૈજ્ઞાનિક તપન મિશ્રાના નિવાસસ્થાને બંદોબસ્ત ગોઠવાયો.
- રેલવે ટીકીટ દર વધવાના સંકેતો.
- રાજ્યમાં બર્ડ ફ્લુ સામે એલર્ટના હુકમો.
- બિહારના ગોપાલગંજમાં જાહેરમાં ગોળીબાર દ્વારા બે ની હત્યા.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી શુક્રવારે અગ્રણી અર્થશાસ્ત્રીઓ સાથે બજેટના સંદર્ભે બેઠક કરશે.
- ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે વિવિધ મોરચાની સંયુક્ત બેઠક યોજાઈ.
- નિકોલમાં ફાયરીંગનો આરોપી ઝડપાયો.
- રાજ્યમાં સંભવિત આઈએએસની બદલીઓ હવે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ બાદ.
- કેન્દ્રિય આરોગ્યમંત્રી ડૉ. હર્ષવર્ધન વેક્સિનના ડિસ્ટ્રીબ્યુશન અંગે રાજ્યના આરોગ્યમંત્રીઓ સાથે ચર્ચા કરશે.
- કોંગ્રેસ દ્વારા બંગાળ, આસામ, કેરળ અને તામિલનાડુની ચૂંટણીઓ માટે નિરીક્ષકો નિમાયા.
- સોનાની કિંમત ૫૪,૭૦૦ પર પહોંચી.
- ગૃહમંત્રી અમિત શાહ ૯-૧૦ ના રોજ મિઝોરમના પ્રવાસે જશે.

## અડાલજ પાસે ડીવાઈડર પર ચઢી ગયેલી વેગેન-આરમાં બે પીધેલા ઝડપાયા

ગાંધીનગર,તા.૬

ગાંધીનગર-સરખેજ માર્ગ પર અડાલજ નર્મદા કેનાલ નજીક અકસ્માત બાદ બે પીધેલા ગાડીમાંથી ઝડપાયા હતા. બુધવારના રોજ બપોરના સુમારે વેગેન-આર કાર નં. જી.જે.૦૧.કે.જી.-૯૭૭૫ ગાડી ડીવાઈડર પર ચડી ગઈ હતી. જેથી થોડા સમય માટે માર્ગ પર ટ્રાફિક જામ થઈ ગયો હતો. જેને પગલે અડાલજ પોલીસ મથકના સ્ટાફના જવાનો તાત્કાલીક દોડી ગયા હતા. પોલીસને ગાડીમાં બેઠેલા બંને શખ્સો દારુ પીધેલી હાલતમાં મળી આવ્યા હતા.પોલીસે કાર ચાલકનું નામ પુછતા તેણે ઢોલસીંગ મેનસીંગ માવી(ઉં.૩૪ વર્ષ રહે. વિશ્વકર્મા સોસા જગતપુર), તેમજ કારમાં સવાર અન્ય વ્યકિત નાનુ થાવરીયા (ઉં.૩૫ રહે.દેમારા, થાંદલા મધ્યપ્રદેશ) હોવાનું સામે આવ્યું હતું. પોલીસે કાર ચેક કરતા તેમાંથી કંઈ મળી આવ્યું ન હતું. પરંતુ બંન્ને પીધેલા હોવાથી પોલીસે કાર કબ્જે કરીને તેમની સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



બહેન, અમારા જમાનામાં કોરોના નહોતું અને વર્ક ફ્રોમ હોમ પણ નહીં... અમે તો આખી જીંદગી ઘરના ઢસરડા કરીને કાઢી છે...

# પાલનપુર હાઈવે ઉપરથી વિદેશી દારૂ ભરેલી કાર ઝડપાઈ

પાલનપુર હાઈવે પરથી સીઆઇડીની સીઆઇ સેલની ટીમે ચોક્કસ બાતમી આધારે હાઈવે પર વોચ ગોઠવી કારમાંથી દારૂ સાથે એક ઈસમને ઝડપી પાડ્યો છે. સીઆઈડી ક્રાઈમની સીઆઇ સેલની ટીમે કારમાંથી વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની બોટલો સહિત કુલ કિ.રૂ. ૨,૯૩,૩૦૦ નો દારૂ કબજે કર્યો હતો. આ સાથે કુલ કિ.રૂ. ૬,૯૮,૯૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી ઈસમ સામે પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ગુનો રજીસ્ટર કરાવ્યો છે. બનાસકાંઠા જીલ્લાના મુખ્યમથક પાલનપુરથી સીઆઈડી ક્રાઈમ (ગુજરાત) ની સીઆઇ સેલની ટીમે દારૂ ભરેલી કાર ઝડપી પાડી છે. સીઆઈડી ક્રાઈમ ગુજરાતના સીઆઇ સેલના ડીટેક્ટીવ પીઆઇ એમ.કે. સ્વામીને બાતમી મળી હતી કે, આબુરોડથી એક કારમાં વિદેશી દારૂ ભરી ચાલક પાલનપુર તરફ આવી રહ્યો છે. જેને લઈ તાત્કાલિક ડીટેક્ટિવ પીએસઆઈ એસ.એસ. મહામુનકર, સહિતના સ્ટાફે પાલનપુર હાઈવે પર જીલ્લા ટ્રાફીકની ચોકી આગળ વોચ ગોઠવી હતી. આ દરમ્યાન બાતમીવાળી કાર આવતાં તેને રોકી તલાશી લઈ અંદરથી વિદેશી દારૂનો જથ્થાં સાથે એક ઈસમને દબોચી લીધો હતો.

# પ્રધાનમંત્રીએ સુરતની વંદનાની કળાને બિરદાવી

### પ્રધાનમંત્રીએ વંદનાના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામના પાઠવી

નવી દિલ્હી, તા. ૬

આમ તો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હંમેશા જ પોતાની વ્યસ્ત દિનચર્યામાંથી સમય કાઢી લોકોને તેમના પત્રોનો જવાબ આપે છે અને તેમનું મનોબળ વધારે છે. જો કે આ વખતે પ્રધાનમંત્રીએ જે પત્રનો જવાબ આપ્યો છે તે ખૂબ જ ખાસ છે. વાસ્તવમાં પ્રધાનમંત્રીએ આ પત્ર લખ્યો છે સુરતમાં રહેનારી વિદ્યાર્થીની વંદના માટે, જેણે દિવાળી પર પ્રધાનમંત્રીની એક ખૂબ જ સુંદર રંગોળી બનાવી તેનો ફોટો પ્રધાનમંત્રીને મોકલ્યો હતો. આમ તો વંદના ન તો સાંભળી શકે છે અને ન તો તે બોલી શકે છે. પરંતુ વંદનાએ પ્રધાનમંત્રીની જે રંગોળી બનાવી છે તે એટલી જીવંત છે, જાણે તે પોતે બોલી ઉઠશે.

વંદનાને લખેલા પત્રમાં પ્રધાનમંત્રી મોદીએ તેનો જુસ્સો વધારતા કહ્યું કે જીવનમાં મુશ્કેલીઓ અને અડચણો આવતી રહે છે પરંતુ આપણે તે વિપરીત પરિસ્થિતિઓમાં પણ જો હિંમત ન હારીએ અને તેનો હિંમતપૂર્વક સામનો કરીએ તો હકીકતમાં એ જ આપણી જીત છે. પ્રધાનમંત્રીએ પત્રમાં આગળ વંદનાના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી છે અને સાથે જ એ આશા વ્યક્ત કરી છે કે તે શિક્ષણ અને કળાના ક્ષેત્રમાં નવી ઊંચાઈઓ સર કરે.

આ પહેલા વંદનાએ પત્ર લખીને પ્રધાનમંત્રીને તેના પ્રેરણાસ્ત્રોત ગણાવ્યા હતા.



**શાળા-કોલેજ 'અનલોક'... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સીધી રીતે વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાની વાત નકારી કાઢી છે. જોકે, વિદ્યાર્થીઓને સ્કૂલ આવવાનું મરજિયાત કરાયું છે. સાથે જ વિદ્યાર્થીઓને વાલીઓની સહમતિ બાદ સ્કૂલમાં આવવા દેવાશે. આમ, સરકારના આ નિર્ણયની આતુરતાથી રાહ જોવાઈ રહી હતી. ગુજરાત સરકારના આ નિર્ણયથી ગુજરાતમાં ૧૧ જાન્યુઆરીથી શાળા અને કોલેજ ખૂલશે. માસ પ્રમોશન અંગે જાહેરાત કરતા શિક્ષણમંત્રીએ કહ્યું કે, જેટલુ ભણાવીશું તેની પરીક્ષા લેવાશે, વિદ્યાર્થીઓને માસ પ્રમોશન નહિ અપાય. ગુજરાતમાં બોગસ ડિગ્રી અંગે કોઈ પણનો પણ કયાંય આ પ્રકારનું કામ ચાલતુ નથી. દરેક યુનિવર્સિટીમાં તપાસ કરી છે. તપાસ ચાલુ છે. જો કોઈ કસૂરવાર હશે તો સખતમાં સખત પગલા લેવાશે.

શિક્ષણમંત્રીએ કહ્યું કે, શાળામાં વિદ્યાર્થીઓની હાજરી ફરજિયાત નથી. આ શિક્ષણકાર્ય ઉપરાંત ઓનલાઈન શિક્ષણ ચાલુ છે તે પણ ચાલુ રહેશે. અન્ય વર્ગોને શરૂ કરવા માટે તબક્કાવાર નિર્ણય લેવાશે. આગામી દિવસોમાં તબક્કાવાર અન્ય જાહેરાતો પણ કરાશે.

**કામોની જોગવાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

વિવિધ નગર રચના યોજના જેવી ટી.પી. સ્કીમ નં. ૧૯ રાયસણ, ટી.પી. સ્કીમ નં. ૧૩ વાવોલ, ટી.પી. સ્કીમ નં. ૬ અને ૪ કુડાસણ અને ટી.પી. સ્કીમ નં. ૭, ૮, ૯ સરગાસણ ખાતે કુલ રૂ.૩૦.૫૦ કરોડની કામોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

વિવિધ નગર રચના યોજનામાં રસ્તાના નિર્માણ હેતુ અંદાજે રૂ. ૪૫.૧૭ કરોડ અને વધુમાં ગુડાના નવનિર્મિત ૮૦ મીટર રીંગ રોડના કામ હેતુ રૂ. ૯.૪૦ કરોડ તથા અન્ય વાવોલ ઉવારસદને જોડતો ૪૫ મીટર ટી.પી. રોડ અંતર્ગત રૂ. ૩.૮૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગુડાના રસ્તાના કામો હેતુ કુલ રૂ. ૫૮.૪૦ કરોડની ખર્ચનું આયોજન કરાયુ છે.

જ્યારે નગર રચના યોજનાઓમાં નાગરિક સુરક્ષા હેતુ કુલ અંદાજે ૧૦૦૦ સ્ટ્રીટ લાઈટ પોલ નાંખવાના તથા ૮૦ મીટર પીડીપીયુ રોડ તથા ૪૫ મીટર વાવોલ-ઉવારસદ રોડ ઉપર સ્ટ્રીટ લાઈટ નાખવાના અંદાજે રૂ. ૪.૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

**હરાજી કરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

માટે પ્રક્રીયા હાથ ધરવામાં આવનાર છે તે પૈકી એક પ્લોટ કુડાસણની નગર રચના યોજના નં -૬ માં પ્લોટ નં -૧૨૭ માં ૧૨૫૭૩ ચો મી વિસ્તારનો છે. આ પ્લોટ કોર્મશિયલ હેતુથી હરાજી કરવામાં આવશે. જેની તળિયાની કિંમત રૂ ૮૦ હજાર પ્રતિ ચો મી નિયત કરાઈ છે જ્યારે આ ઉપરાંત સરગાસણમાં રહેણાંકના હેતુ માટે ૭૧૮૬ ચો મી વિસ્તારના પ્લોટની હરાજી કરાશે આ પ્લોટ માટે તળિયાની કિંમત ૭૦ હજાર પ્રતિ ચોમી નિયત કરાઈ છે. ગુડા દ્વારા ઈ ઓકશનના માધ્યમથી સમગ્ર હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. આ માટે અરજદારોએ કોઈપણ પ્રશ્નો કે સ્પષ્ટતાઓ તા ૩૧ જાન્યુઆરી સુધીમાં ગુડાની વેબસાઈટ પર રજુ કરવાની રહેશે. રજીસ્ટ્રેશન તેમજ વધુ માહીતી માટે અરજદારોને ગુડાના ટોલ ફ્રી નંબર ૭૩૫૯૦૨૧૬૬૩ પર સંપર્ક કરવા જણાંવાયુ છે.

**પાકીટ ઉઠાંતરી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ગયો હોવાની ફરિયાદ પણ ઉઠવા પામી છે. અલબત્ત ડેપો સંકુલમાં ફરી વાર ચોર ગઠીયાઓ ફરતા થઇ ગયા છે. મુસાફરોએ પણ સાવધાની વર્તવાની અનિવાર્યતા છે. એસ ટી ડેપોમાં છેલ્લા એક દાયકાથી પોલીસ ચોકી કાર્યરત કરવા માટે પણ માંગ કરવામાં આવી રહી છે. આમછતા એસ ટી ડેપોમાં પોલીસ ચોકી કાર્યરત કરવામાં આવી નથી. ત્યારે ડેપોમાં ફરતા લુખ્ખા તત્વોને ખુલ્લો દોર મળી ગયો છે. એકબાજુ એસ ટી ડેપોમાં મુસાફરોને અનુલક્ષીને વિશેષ સુવિધાઓ ઉભી કરવામાં આવતી નથી જયારે ડેપો સંકુલમાં આવતા મુસાફરો તસ્કરીનો ભોગ બનતા પ્રબળ રોષની લાગણી વ્યાપી છે.

**નવા ૧૦ કેસ...● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાંથી એકને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. સંક્રમિત થનારાઓમાં હેડ કોન્સ્ટેબલ તેમજ રિસર્ચ એનાલીસ્ટનો પણ સમાવેશ થાય છે. શહેરમાં આજે સે. ૭ માંથી ૨ કેસ ઉપરાંત સે. ૨, ૩, ૬, ૨૨, ૨૭ અને ૨૮, ૨૯ માંથી કેસો મળી આવેલ છે. શહેરમાં આજે વધુ ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

**ટ્રેક્ટર માર્ચ... ● અનુસંધાન પહેલાનું ચાલુ**

આ પહેલાં માત્ર ૭ વખતની બેઠકમાં ખેડૂતોની ૨ માગ માટે સહમતી થઈ હતી, બાકીની તમામ બેઠકોનું કોઈ પરિણામ આવી શક્યું ન હતું.

આંદોલન લાંબું ખેંચાતાં જોઈ ખેડૂતોએ ટિકરી બોર્ડર પર ઈંટથી પાક્કાં ઠેકાણાં બનાવવાનું શરૂ કર્યું છે. ગત દિવસોમાં પડેલા વરસાદને કારણે ટેન્ટ પડી ગયા હતા. આંદોલન કરી રહેલા ખેડૂતો રસ્તાની વચ્ચે ઓફિસ પણ બનાવી રહ્યા છે. પંજાબના ફતેહગઢ સાહિબના ગામ રુડકીના ખેડૂત ગુરદર્શન સિંહ(૪૮)નું મંગળવારે હાર્ટ-અટેકથી મોત થઈ ગયું. તેઓ દિલ્હીમાં આંદોલનમાં સામેલ થયા હતા. તેમના દીકરાએ જણાવ્યું હતું કે ૩ જાન્યુઆરીએ દિલ્હીમાં પિતાની તબિયત ખરાબ હોવાથી ડોક્ટર્સે તેમને ઘરે મોકલ્યા હતા. અહીં તેમનું મોત થઈ ગયું.

**બોમ્બવર્ષા... ● અનુસંધાન પહેલાનું ચાલુ**

બૉમ્બવર્ષા કરી રહ્યા છે અને દુશ્મનના વિસ્તાર પર કબજાનો અભ્યાસ કરી રહ્યા છે.

ચીનમાં સેનાની શક્તિઓનો વિસ્તાર કરનારા નવા સંશોધિત કાયદાના આ વર્ષથી પ્રભાવમાં આવ્યાની વચ્ચે શી જિનપિંગે સેનાને બિલકુલ સાવધાન રહેવા કહ્યું છે. કેન્દ્રીય સૈન્ય આયોગની સાથે-સાથે સત્તારૂઢ ચીની કૉમ્યુનિસ્ટ પાર્ટીના પ્રમુખ શી જિનપિંગે ૨૦૨૧ માટે આયોગના પહેલા આદેશ પર સહી કરી જેમાં પીએલએ અને પીપલ્સ આર્મ્ડ પોલીસ ફૉર્સની તાલીમમાં પ્રાથમિકતાઓને ક્રમબદ્ધ કરવામાં આવી છે. સીએમસી ૨૦ લાખ સૈન્ય કર્મચારીઓની સેનાની હાઈકમાન્ડ છે.

**ઉકેલ લાવે... ● અનુસંધાન પહેલાનું ચાલુ**

છેલ્લા ૪૧ દિવસથી ખેડૂતો દિલ્હીની જુદી જુદી બોર્ડર પર વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. તા.૮ જાન્યુઆરીના રોજ સરકારના પદાધિકારીઓ અને ખેડૂત સંગઠનના આગેવાનો વચ્ચે નવમી વખત બેઠક યોજાશે. કૃષિ કાયદાને લઈને સરકાર કે ખેડૂત બંનેમાંથી કોઈ પોતાના વલણ બદલવા માટે તૈયાર નથી. ખેડૂતોએ ક્હયું હતું કે, જ્યાં સુધી ત્રણેય કાયદા રદ નહીં થાય ત્યાં સુધી આંદોલન ચાલું રહેશે.

**પરીક્ષણ કરાશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ**

જણાવ્યા પ્રમાણે પોતાની ભયંકર પ્રહાર ક્ષમતાના કારણે આ મિસાઈલ દુશ્મન દેશોના એર ડિફેંસ સિસ્ટમનો પણ નાશ વાળી શકે છે. આ મિસાઈલનું વજન જ ૧૦૦ ટન છે અને તે ૧૦,૦૦૦ કિલોમીટર સુધી પ્રહાર કરી શકે છે. તેના એક જ વારમાં આખેઆખુ ફ્રાંસ રાખ બની શકે છે. આરસી-૧૮ દુનિયાની સૌથી ભારે મિસાઈલ છે .

રશિયા આ પરીક્ષણ એવા સમયે કરવા જઈ રહ્યું છે જ્યારે રશિયાના રક્ષામંત્રીએ દેશના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને જણાવ્યું હતું કે, તે ડિસેમ્બર મહિનામાં નવી હાઈપરસોનિક મિસાઈલ અનેક ટેસ્ટ તે ઓપરેશનલ થઈ ગઈ છે.

**કરેલ ભૂલથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ**

નેપાળને ભારતનો પ્રાંત બનાવવામાં આવે. પરંતુ નેહરૂએ આ પ્રસ્તાવને ફગાવી દીધો હતો. તેમનું કહેવું હતું કે, નેપાળ એક સ્વતંત્ર રાષ્ટ્ર અને તેને તેવુ જ રહેવુ જોઈએ. પ્રણવ આગળ લખે છે કે જો પંડિત નેહરુની જગ્યાએ ઈન્દિરા ગાંધી હોત તો તેઓ કદાચ આ તકનો ફાયદો ઉઠાવત, જેવું તેમણે સિક્કિમની સાથે કર્યું. પુસ્તકના જણાવ્યા મુજબ, મને લાગે છે કે મારા રાષ્ટ્રપતિ બન્યા પછી કોંગ્રેસે પોલિટિક્સ ફોકસ ખોવા દીધો. પાર્ટીએ જાણી ન શકી કે તેનું નેતૃત્વ સમાપ્ત થઈ ચૂક્યું છે. એ ૨૦૧૪ની લોકસભામાં તેના હારનાં કારણોમાંનું એક રહ્યું હશે. એ પરિણામોમાંથી મને એ રાહત મળી કે નિર્ણાયક જનાદેશ આવ્યો. જોકે મારી પાર્ટી રહેલી કોંગ્રેસના દેખાવોથી નિરાશા થઈ.